પ્રેમ - સહુનો પોતીકો છે. આગવો છે. અંગત છે.
એટલે એ વિશે કોઈ સલાહ સાચી પડતી નથી.
કોઈ વ્યાખ્યા સંપૂર્ણ રચાતી નથી.

સામાન્યીકરણના સિદ્ધાંત વડે
આ અસામાન્ય અનુભવને સમજાવવો અઘરો છે.

આ એક જ ચાવીવાળું તાળું છે.
ને તાળાનો માલિક, ચાવીનો માલિક નથી.
અહીં 'માસ્ટર-કી' નામની વ્યવસ્થા જ નથી.
ચાવી ને તાળું મળ્યાં તો જ દ્વાર ખૂલે!
નહીં તો, આજીવન બંધ ઓરડે જીવી જવાનું!

અહીં સૌની પોતાની નૌકા, પોતાના સઢ, પોતાનું સુકાન
પોતાનાં હલેસાં, પોતાનો સાગર, પોતાના સંજોગ
અને પોતાનાં પુરુષાર્થ ને પ્રારબ્ધ....

એકને અનુકૂળ એ અન્યને પ્રતિકૂળ
મોજાં જુદાં, મારગ જુદા, મંઝિલ જૂદી...

મારા હોકાયંત્રની ઉત્તર દિશા, તમારા માટે ઉત્તર ન ય હોય!
એટલે જ, આ સાહસનું ક્ષેત્ર છે, સલાહનું નહીં.
ને તો ય, દીવાદાંડી સાગરખેડૂને કામ તો લાગે,
એટલે આ પુસ્તક!

પ્રેમના પથ પર બે અંતરાય...
અહંકાર અને અધિકાર
મોભો અને માલિકીભાવ.

એને અતિક્રમવા અઘરા તો છે,
પણ આવશ્યક પણ છે,
અહંકાર અને અધિકાર ઝૂકવામાં માનતા નથી,
અને ઝુકાવવાનો આગ્રહ રાખે છે.

પ્રેમ તો લવચિક છે,
પ્રેમમાં જડતા ન હોય.
પ્રેમ તો ઝૂકે, નમે,
અક્કડ રહે તે તૂટે,
અડગ રહે તે ના હઠે
પ્રેમ અડગ છે, અક્કડ નથી.
પ્રેમ જિદ્દી છે, જડ નથી.

પ્રેમમાં એક થવા મથતા બે જણ છે ને
એક થવામાં આ જડતા આડી આવે છે.





I Love You...
અહીં I કેપિટલ છે. પહેલો છે. એ 'હું' છે.
વાત પ્રેમની કરવી છે. પોતાના પ્રેમની કરવી છે.
પણ 'I' 'હું' ભૂલતો નથી.

એ તો સૌથી પહેલો જ રહે છે.
ને જેને એ કહેવું છે એ You છેલ્લે આવે છે.

પ્રેમમાં હું પહેલા ને તું છેલ્લે?
તો તો એ ટકે કઈ રીતે?
એને ટકાવે છે Love.

Love વચ્ચે છે.
I અને Youની વચ્ચેનો સેતુ છે.
ને એ જ જીવનનો ય હેતુ છે.

I ઓગળે - ન ય ઓગળે
પણ, અનુચ્ચરિત બને -
અને ઉચ્ચારાય માત્ર - Love You!

ચાહું છું તને!
હુંય! હું વગર!!

કોને કહેવાય પ્રેમ? ક્યારે થાય છે પ્રેમ?
ઘણાંને થાય છે, ઘણાંને એવું લાગે છે.
પણ, કોઈ સમજાવી શકતું નથી, આંગળી મૂકીને નહીં તો,
આંગળી ચીંધીને ય બતાવી શકતું નથી કે, આ પ્રેમ!

મળે છે અને શોધ પણ ચાલુ છે.
સમજાય તો સમજાવાતો નથી,
ઓળખાય તો ઓળખાવાતો નથી.

કૈંક શોધે છે, કોઈકને મળેય છે.
મળે તો સાચવી રાખવો છે, એવું કહે છે,
પણ, સચવાતો નથી, એવું ય બને છે,
હાથમાંથી સરી જાય છે, એવું લાગે છે,
પણ બચાવી શકાતો નથી, એવું ય બને છે.

નથી એવું ય ભીતર ભીતર લાગે.
સરી ગયો એવું ય ભીતર ભીતર લાગે.
છે એવું ય ભીતર ભીતર લાગે...

કેમ છે પ્રેમનો આટલો મહિમા? છે છતાં ઓળખાતો નથી, એટલે?

તો તો બંને એક!
પ્રેમ અને પરમેશ્વર!
એકમેકના પર્યાય!

એમનું દર્શન હોય, પ્રદર્શન નહીં.
એમનો સાક્ષાત્કાર હોય, મુલાકાત નહીં.

એને પમાય, એને મળાય નહીં.
એને મણાય, કોઈને જણાવાય નહીં.

ગૂંગે સાકર ગળી
એણે માણી, જેને મળી!





જ્યાં જ્યાં નજર ઠરે, એ સઘળાં પ્રેમનાં જ પ્રતીક છે!
પ્રેમનું એકાદ રૂપ તો એમાં પ્રગટ થાય જ છે.

આ બારી... એ પણ છે પ્રેમ જેવી!
ખૂલે ત્યારે બહારનું દૃશ્ય સ્પષ્ટ કરે અને ભીતરને વ્યક્ત કરે!

આ બારણું... ક્યારેક અંદર ખૂલે, ક્યારેક બહાર ખૂલે,
ક્યારેક આડું ય સરકે... પ્રેમની જેમ!
અંદર ખૂલે તેને હળવેથી ધકેલવું,
બહાર ખૂલે તેને હળવેથી ખેંચવું,
આડું સરકે, એનું તો બહુ જ ધ્યાન રાખવું...
અંદર પ્રવેશવા કે બહાર જવાના સમયે આ કામ લાગે.

આ દીવાલ... એ હૂંફનો અનુભવ આપે, પ્રેમની જેમ!
આ છત... એ આશ્વસ્ત રાખે, સલામતી આપે પ્રેમની જેમ!
આ પગ નીચેની ધરતી - વાસ્તવ સાથે અનુસંધાન રચે.
આ આકાશ... ઊડવા માટેનું આમંત્રણ આપે આ પ્રેમ...

ધરતીમાં મૂળ નાખે ને મ્હોરે
આકાશ તરફ દૃષ્ટિ રાખીને...
સઘળે છે આ 'પ્રેમપદારથ'.

નજર નાખો... વિચારો...
આ તમારા હાથમાં છે તે પુસ્તક... એનાં પાના!
વંચાશે... સમજાશે... મનમાં ઘૂંટાશે... ને દૃઢ થશે
પ્રેમની જેમ જ...

પછી ભલે વાંચો... ન ય વાંચો...
પણ સાચવશો તો ખરા જ...
કોઈને સૂચવશો ય ખરા.
પ્રેમની જેમ જ!

પ્રેમ એટલે આંખ - એનાથી જોવાય.
ખુલ્લી આંખે જગત, બંધ આંખે જાત.

પ્રેમ એટલે પાંખ - એનાથી ઉડાય.
ખુલ્લી પાંખે આભ, બંધ પાંખે માળો.

પ્રેમ એટલે કલ્પનાનું આકાશ, ઉડવાનું આમંત્રણ.
પ્રેમ એટલે વાસ્તવની ધરા, ડગ માંડવાનું ઇજન.

પ્રેમમાં પડવાનું નથી, પ્રેમમાં ઉડવાનું નથી,
પ્રેમમાં તો નક્કર કદમ માંડવાનું છે.

પ્રેમ-પથ પર છાપ અંકાય, સચવાય કે ભૂંસાય!
પ્રેમ ભૂંસવાનો નથી હોતો.
પ્રેમ ભૂલવાનો નથી હોતો.

આ વિશાળ ધરતી પર,
આ વિસ્તૃત જગતમાં,
આ અસંખ્ય લોકોમાં,
કોઈને ચાહવાનું મન થવું એ પ્રસન્નતા છે.
કોઈની ચાહતને પાત્ર થવું એ ધન્યતા છે.



પ્રેમ પામવાનો એક જ માર્ગ છે,
પ્રેમ આપવો.

પ્રેમનો સ્વભાવ છે, પાછા વળવું.
જ્યાંથી નીકળ્યો ત્યાં પાછો આવે જ.

જ્યાં જવા નીકળ્યો હોય ત્યાંથી ય પાછો વળે,
અને કોઈક અજાણ્યા સ્થાનેથી ય આવી મળે!

ક્યારેક એમાં કૈંક ભળે - એવું ય બને!

'જેને ચાહો એ જ તમને ચાહે'
એવું સમીકરણ પણ પ્રેમમાં નથી.

એ પણ ચાહે,
ને કોઈ અન્ય
પણ ચાહે
એવું ય બને.

પણ,
ચાહતનો ઉત્તર ચાહતમાં તો મળશે જ.
ક્યારેક ધાર્યો, તો ક્યારેક અણધાર્યો.

પ્રેમનું આયોજન ન થાય.
એ તો થાય ત્યારે થાય.

નક્કી કરીને ન નીકળાય કે આજે પ્રેમમાં પડવું છે.
કદાચ, પડાય ખરું, પણ પ્રેમમાં નહીં!
અને, કોઈને પ્રેમમાં પાડવાનું તો એથી ય અઘરું!
કારણ કે, આ બધું તો યોજનાબદ્ધ કામ થયું, આયાસપૂર્ણ!
ને પ્રેમ તો છે સાવ સહજ... અનાયાસ...
પ્રેમ પછી, ‘પામવા’ના તબક્કે કદાચ આ કરામત કામ આવે!
શતરંજના દાવ તો શતરંજ બિછાવો પછી કામના!

‘પામવું’ એ પૂર્વશરત હોય, ને ‘પ્રેમ’ તો છે સાવ બિનશરતી.

પહોંચવું એ લક્ષ્યનિર્ધારણ છે. ફરવું એ આનંદ છે.
એકમાં મંઝિલ એ શરત છે, એકમાં માર્ગ સ્વયં મસ્તી છે.

પામવું એ વ્યવસ્થા છે. વ્યવસ્થા એ તંત્ર છે,
ને તંત્ર પાસે સફળતાનો મંત્ર છે!
પ્રેમમાં હોવું એ અવસ્થા છે અને આનંદનો મંત્ર છે.

પહોંચનારને માર્ગના નકશા જોઈએ,
આબોહવાની જાણ જોઈએ, વિરામ-સ્થાનની માહિતી જોઈએ,
સાથે રાખવા ભાથું જોઈએ - સમયબદ્ધ ગતિ જોઈએ.

પ્હોંચવા-પામવાને સફળતા-નિષ્ફળતાના વિકલ્પ છે.
પ્રસન્નતા અને પીડા છે.
પ્રેમ તો મસ્ત ફરે, જેમ મરજી પડે!
સંઘર્ષ નહીં, પામવાની ઇચ્છા નડતી હોય છે.





પ્રેમને આયોજન ન હોય પણ પ્રયોજન તો હોય ને?

હા.
શું?

પ્રેમનું પ્રયોજન પ્રેમ.
પ્રેમ જન્મે, પ્રેમ જાગે,
પ્રેમ અનુભવાય, પ્રેમ પડઘાય,
પ્રેમ ફેલાય, જગત પ્રેમમય થાય -
એ જ પ્રેમનું પ્રયોજન.

પણ, પ્રેમનું આ પ્રયોજન પૂર્વાયોજન નથી.
એ પ્રેમમાંથી જ સહજ પ્રગટે છે.
ને પ્રેમથી જ સિદ્ધ થાય છે.

પ્રયોજનસિદ્ધિ એ એનું લક્ષ્ય નથી.
જળ-ત્રાજવું ને મત્સ્યની પૂર્વશરત વગર
અહીં અનાયાસ લક્ષ્યવેધ થાય છે.

પ્રેમમાં પ્રાપ્તિની પૂર્વધારણા ન હોય.
માત્ર પ્રેમ હોય.
પ્રેમીઓ પ્રેમના આરંભે નહીં
પછી પંચાંગ ઉઘાડે છે!

હૃદયના એક ખૂણે જલતો રહે છે પ્રેમનો ધૂપ - જીવનભર
ને મ્હેકાવતો રહે છે અસ્તિત્ત્વને.

પ્રેમ પામ્યાની ધન્યતા, કે કોઈને ચાહ્યાની પ્રસન્નતા,
પાત્રને ન પામ્યાની પીડામાં વિસરાય નહીં!

પાત્રને અનુષંગીને પ્રેમ એ તો એનો આરંભ.
પાત્રને અતિક્રમીને પ્રેમ એ એનું શિખર.

પછી પાત્રનું ન હોવું કરતાં પ્રેમનું હોવું મહત્ત્વનું બની રહે!
પછી વસવસો ન રહે. ફરિયાદ ન રહે. નિરાશા ન રહે.

પ્રેમમાં પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતનાં રૂપ જુદાં હોય છે.

હૃદયના ખૂણે મ્હેકતા આ ધૂપની સુવાસથી
આપણે ય અજાણ હોઈએ,
અને આપણાં ય અજાણ રહે એવું બને.

દરેકની પાસે આવી અંગતતા હોય છે,
અને એનો આદર કરવો ઘટે.

પ્રેમ કરવો અને માલિક બનવું એમાં ફેર છે.
માળી બાગનો માલિક નથી, પણ પુષ્પોને પ્રેમ કરે છે.
ફૂલ માલિક કરતાં માળીને જોઈને હસી ઊઠે છે.
ક્યારો, માટી, ખાતર, પાણી, સઘળું માલિકનું છે.

કાળજી માળીની છે. કાળજી, પ્રેમ છે.
અંગતની ય અંગતતામાં અનધિકૃત પ્રવેશ ન થાય
એની કાળજી રાખવી - જો પ્રેમ હોય તો.

જેને ચાહો તેને પામી ન શકો,
જેને પામો તેને ચાહી ન શકો... બને.
જેને પામો, તેને ચાહી શકો તો પણ
જેને ચાહ્યા એને ભૂલી ન શકો... બને.
જેને ચાહ્યા એને ભૂલી ય શકો, ન ય ભૂલી શકો
જેને પામ્યા, જેને ચાહ્યા, એને એ કહી ન શકો, બને...

ચાહવું અને પામવું એ બંને સાવ જુદી ઘટના છે.
એ હૈયાના હાથની વાત નથી.

હવે સમજાયું કે હૈયાને કેમ હાથ નથી!
અને, કેમ નથી રહેતું હૈયું ય હાથમાં!!
અને, કેમ વાગે છે, હાથના કર્યા હૈયે!!!
પણ, ન કહેવાયું એ છેતરપિંડી ન બને, બસ!

ગંધપારખુ શ્વાન કરતાંય તીવ્ર ઘ્રાણેન્દ્રિય હોય છે, સ્નેહીની!
તેમ છતાં, ગંધ-સુગંધનો આદર કરવો
અને ભેદ સમજવો એ પણ પ્રેમ છે.

શંકાનો તાપ, વિશ્ર્વાસના વ્હેણને સૂકવી નાખે છે.

વિચારો જન્મે, પણ પીડે નહીં
એટલી પુખ્તતા સહુમાં નથી આવતી.

સમય વીતી ગયો છે...
હવે, રેતશીશીને ઊંધી વાળવાનો અર્થ શું?

પ્રેમનો પર્યાય શું? જીવન.
પ્રેમ એટલે જીવન.
જીવંત હોવું. ધબકવું. ચેતનમય હોવું.
પ્રેમ એટલે ચૈતન્ય.
જગતનું ચાલક બળ છે પ્રેમ! જીવનનો મંત્ર છે પ્રેમ!

પ્રેમનો સંદેશ છે જીવન. પ્રેમ જીવનનું ગૌરવ કરે છે.
પ્રેમ જગતને જીવવા જેવું બનાવે છે.

પ્રેમ કદીય મારવાનું કહે નહીં.
પ્રેમ કદીય મારવાનું શીખવે નહીં.
પ્રેમ કદીય મરવાનું કહે નહીં.
પ્રેમ કદીય મરવાનું શીખવે નહીં.
મારવા કે મરવાનું પ્રેમ ન કહે.

પ્રેમ તો જીવનનો મહિમા કરે છે.
ચાહવાની અને ચાહતા ચાહતા જીવવાની જરૂર છે,
એકલા કે સંગાથે. આત્મહત્યા કરનારાની ઇચ્છા તો
જીવનને જ માણવાની હોય છે ને!
મરીને ફરી જન્મ લઈને ચાહવું છે,
તો, જન્મ મળ્યો છે એ જીવનમાં જ કેમ ન ચાહવું?

મળવું અને મરવું નહીં,
ચાહવું અને જીવવું જ પ્રેમનો સાચો માર્ગ છે.



પ્રેમને રોપી દ્યો હૃદયમાં!
પ્રગટ કે અપ્રગટ
સતત સુરભિત રહો, ને સૌને સુરભિત રાખો.

પ્રેમ સુગંધ છે, દુર્ગંધ નથી...
પ્રેમીનો વિરોધ શક્ય છે, પ્રેમનો વિરોધ શક્ય નથી.

સમસ્યા સાથે રહેવાની છે ને?
ચાહવાની તો મનાઈ નથી ને?

વિરોધ મિલન બાબતે છે ને?
મિલન એટલે સાથે હોવું.

સાથે હોવું તનથી જ શક્ય? મનથી નહીં?
એક છાપરા નીચે સાથે હોવું એ જ સાચું?
વાસ્તવમાં તો મનથી સાથે હોવું જ વધુ મહત્ત્વનું.

પ્રેમ જન્મે છે જ મનમાં.
તનના ક્યારામાં રોપાય તો સારું
નહીં તો, મનના મંદિરમાં મ્હેક્યા કરવાનો!

ને આવું મ્હેકવું તો સૌનું આદરપાત્ર જ રહે.
પણ, મ્હેકવા કરતાં બ્હેકવાનો મહિમા વધી જાય
ત્યાં 'સંગાથ'નો હેતુ બદલાઈ જાય.

પ્રેમઘેલું હૈયું
કોઈનું ય દુઃખ,
કોઈની ય વ્યથા,
કોઈનું ય અહિત ન જોઈ શકે.

પ્રેમ છલકતી પ્રસન્નતાની ક્ષણ
સઘળે પ્રસન્નતા જ ઝંખે...
પ્રેમ વહી રહે છે આસપાસ... ચોપાસ.

સઘળાં ને સુંદર બનાવતો.
અસુંદરતા દૂર કરતો.

પ્રેમનું અંજન આંખમાં અંજાય
એટલે દશ્યમાંથી અસુંદરતા ઓગળી જાય.

'લયલા કો મજનૂ કી આંખસે દેખો'
એમાં લયલાની અસુંદરતાનો નહીં,
મજનૂની આંખમાં અંજાયેલા પ્રેમનો જયઘોષ છે.

જય હો!





Made for each other!
પ્રેમની ઓળખ આપતું વાક્ય...
એકમેકને માટે જ બન્યા હોવાનું લાગવું...

    આવા બેનું મળવું તો અનિવાર્ય જ હોય ને!
    અને એ બેમાં તો હોય કેટ-કેટલું સામ્ય!?

પણ, વાસ્તવમાં તો એથી સાવ ઊલટું જ છે.
જેમનું મળવું નિશ્ચિત છે,
એમનું વ્યક્તિત્વ તો એકમેકથી સાવ વિપરીત છે!

સાગર ખારો - સરિતા મીઠી...
    વૃક્ષ રૂક્ષ - વેલ કમનીય...
ધરતી નીચે - મેઘ ઉપર
    ફૂલ સ્થિર - ભ્રમર ભમતો
સૂર્ય ઉગ્ર - ઝાકળ કોમળ
    હજીય કેટ-કેટલાં... યાદ આવે છે ને!?

એનો અર્થ જ એ કે
made for each other નહીં
mad for each otherજ છે પ્રેમની ઓળખ!

હું તને ચાહું છું –
આ અભિવ્યક્તિ એ પ્રથમ તો આંતરિક અનુભૂતિનું દર્શન છે,
પછી જ એ અનુભૂતિનું પ્રગટ પ્રદર્શન બને છે.

એમાં કોઈને દેખાડી દેવાની, આંજી દેવાની વૃત્તિ નથી.
માત્ર ભીતર ડોકિયું કરવાનું આમંત્રણ છે.

હું તને ચાહું છું – એ કંકોત્રી છે, હૈયાની, હૈયાને નામ.
આવવું-ન આવવું એણે નક્કી કરવાનું.
પણ, જેમ અનુભૂતિ હોય અને અભિવ્યક્તિ ન હોય તો ન ચાલે,
એમ જ, આ અભિવ્યક્તિ સમયસરની ન હોય તોય ન ચાલે.

કહે છે ને, લગ્નનાં વાજાં લગ્ન સમયે વાગવાં જોઈએ.
ઘોડો દશેરાએ જ ન દોડે તો શું કામનો?
દાળ સારી થઈ હોય ત્યારે જ વખાણીયે.

સુંદર લાગતું હોય ત્યારે વખાણી જ લેવા,
પછી, યાદ કરીને ખૂબ વખાણવાનોય અર્થ નહીં.

એક નજરથી, થોડાંક શબ્દોથી, હળવા સ્પર્શથી
પણ, જે તે સમયે જ કહેવાઈ જાય તે ઉત્તમ.

સ્થળ-સમય-સંજોગ પ્રમાણે,
પણ સમય પર અભિવ્યક્તિ આવશ્યક.
સમય સરી ગયે, પ્રશંસાનું પુસ્તક લખી દો - નિરર્થક!

સ્વીકાર ગમે. સમયસરનો સ્વીકાર વધુ ગમે!
અને હા, અભિવ્યક્તિ પાછળ
જો અનુભૂતિની સચ્ચાઈનો રણકો ન હોય
તો માત્ર નાટક તો કદીય ન ટકે!



પ્રેમ એ પાથેય છે
જીવનપથ પરની સફરનું...
જીવનસફર વિશે આપણે અસ્પષ્ટ છીએ.

માર્ગમાં આગળ શું થવાનું છે
તે વિશે અજ્ઞાત છીએ.
આવા સંજોગોમાં,
આપણે જે વિશે સુનિશ્ચિત છીએ તે છે આપણું પાથેય.

શાળાએ જતા બાળકને
લંચબૉક્સમાં શું છે એની જાણ હોય
તો એની અસર એની ચાલ પર પડે જ છે ને!

ગમતું હોય તો પગમાં જોમ.
અણગમતું હોય તો પગમાં થાક...

પ્રત્યેક વાંસળી આમંત્રણ છે ફૂંકને.
ફૂંક ન હોય તો વાંસળી વાગે નહીં.
વાંસળી ન હોય તો ફૂંક સૂર બનીને વહી ન શકે.

હૈયું અને પ્રેમ
એકમેકનાં સાથમાં જ ગૂંજી ઊઠે...
પ્રેમ વગર હૈયું સૂનું
હૈયા વગર પ્રેમ અસંભવ.

અને હા!
વાંસળી સાથે સૂર આવી નથી મળતા.
એ તો ફૂંક મારનારની જ આવડત!

પ્રેમ
નિત્યનૂતના રહે તો ચિરંજીવ રહે.
પ્રિયને પૂર્ણ પણે પામી લેવાનો પ્રયત્ન પ્રેમ નથી.

પ્રેમને પૂર્ણ પણે સમજી લેવાનો પ્રયત્ન પ્રેમ છે.
ને એમાં, અધૂરપની મધુરપનો મહિમા છે.

વ્યક્તિત્ત્વની ગોપિત સુંદરતા ધીમે ધીમે ઉઘડતી જાય -
ફૂલ પાંખડીની જેમ અને વહી રહે એની સુગંધ.
એ સુગંધની મોહિની જ પ્રેમને નિત્યનૂતના રાખે છે.

સુવાસને પામનાર
પુષ્પને નહીં પામી શકવાનું દુઃખ ન અનુભવે
કારણ કે પુષ્પમાં સુવાસ નથી સુવાસમાં પુષ્પ છે.

પ્રેમ સંવાદ...
એનો અર્થકોશ નિરાળો
શબ્દો તો એ જ – ચિર-પરિચિત,
પણ એના અર્થ - ઇંગિત
એ બે જ જાણે!

ને એટલે જ અન્ય અનેકની ઉપસ્થિતિમાંય
એ કરી શકે એમના હૈયાની વાત...

પ્રત્યેક પ્રણયીએ વિકસાવી હોય છે
આગવી 'અર્થવ્યવસ્થા' -
ને અન્યને કાને અથડાય છે માત્ર શબ્દોના ખોખાં!



પ્રેમમાં પુષ્પો ભેટ અપાય છે.

પુષ્પ સહજ છે, નૈસર્ગિક છે.
પ્રેમ પણ સહજ છે. નૈસર્ગિક છે.

પુષ્પ રંગીન છે. સુગંધિત છે.
પ્રેમ પણ રંગીન છે. સુગંધિત છે.

પુષ્પ નમણું છે. નાજુક છે.
પ્રેમ પણ નમણો છે. નાજુક છે.

પુષ્પ પથ્થરો વચ્ચેથી ય ઊગી નીકળે છે.
પ્રેમને પણ પથ્થરોની કેદ નડતી નથી.

પુષ્પ કાદવમાં ય ખીલી ઊઠે છે.
પ્રેમ પણ કાદવ વચ્ચે ય ખીલી ઊઠે છે.

પુષ્પ પામવાની ઇચ્છા વગર જ આપે છે,
પ્રેમ પણ પામવાની ઇચ્છા વગર જ આપે છે,

પુષ્પ આપનારના હાથને પણ સુવાસિત કરી જાય છે.
પ્રેમ પણ આપનારને સુરભિત કરી જાય છે.

પણ,
પ્રેમ છેતરતો નથી, પુષ્પથી છેતરી શકાય છે,
પ્રેમ છેતરતો નથી, પ્રેમથી છેતરી શકાય છે.